**માનનીય અધ્યક્ષ શ્રી,**

- **બંદરો અને વાહન વ્યવહાર વિભાગના બંદર પ્રભાગનું વર્ષ 2024-25 નું રૂ. 92.13 કરોડનું બજેટ આ ગૃહ સમક્ષ ચર્ચા માટે રજૂ કરવામાં આવેલ છે.** ત્યારે ચર્ચામાં ભાગ લેનાર તમામ ધારાસભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું અને તેઓએ રજૂ કરેલ મુદ્દાઓની નોંધ લઉ છું.
- પાછલા બે દાયકામાં દરિયાઈ માર્ગે માલ સમાન ટ્રાન્સપોર્ટનો રાષ્ટ્રીય સંકલિત **વૃદ્ધિ વિકાસ દર સવા છ ટકા જેટલો રહેલ છે**. આ દરમિયાન **ગુજરાતના બંદરો થકી** માલ સામાનના ટ્રાન્સપોર્ટનો સંકલિત **વૃદ્ધિ વિકાસ દર પોણા નવ ટકા રહેલ છે**.
- ગુજરાત સાચા અર્થમાં દેશના વિકાસનું અને વિકાસ માટે આવશ્યક માલ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા તંત્રનું ગ્રોથ એન્જિન છે.

## બંદર ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ અને દેશના તેમજ રાજ્યના વિકાસમાં ફાળો:

- ભારતના બંદર ક્ષેત્રમાં ગુજરાતની વાત કરીએ તો દેશને ઉપલબ્ધ થયેલ દરિયાકિનારાનો **આશરે 21% જેટલો દરિયાકાંઠો ગુજરાતને** ઉપલબ્ધ થયેલ છે.
- **ગુજરાતના નોન મેજર બંદરો પરથી વર્ષ 2022–23માં 13,800 જેટલા જહાજોની અવર–જવર થયેલ હતી. જે વર્ષ 2001–02ની તુલનામાં 2.76 ગણો વધારો થયો છે.**
- સમગ્ર દેશના નોન મેજર બંદરો દ્વારા ટ્રાન્સપોર્ટ કરવામાં આવતા **કુલ કાર્ગો નો આશરે 64%** જેટલો ગુજરાતના નોન મેજર બંદરો દ્વારા થાય છે.
- 2022-23 માં રાષ્ટ્રીય સ્તરે બંદરો થકી માલની હેર ફેર **આશરે 1,433 મિલિયન મેટ્રિક ટન** થયેલ જયારે **ગુજરાતના નોન મેજર બંદરો દ્વારા 416.36 મિલિયન મેટ્રિક ટન** માલનું ટ્રાન્સપોર્ટ કરવામાં આવેલ, જે **કુલ રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટનો અંદાજે 29% છે**.
- **ગુજરાતના બંદરો પરથી આશરે 105 કરતા વધારે દેશોમાંથી 60 કરતા વધારે કોમોડીટીનું એક્સપોર્ટ તેમજ 100 કરતા વધારે કોમોટીડીનું ઈમ્પોર્ટ થાય છે.**
- **વર્ષ 2000–01 માં ગુજરાતમાં બંદરોથી રૂ.190.85 કરોડની આવક હતી. જેમાં વર્ષ 2022–23 સુધીમાં 13 ગણો વધારો થઈને રૂ.2488 કરોડ થયેલ છે.**

## ગુજરાતની બંદર નિતી અને બંદરોના વિકાસ થકી દેશના અન્ય ભાગોને દરિયાઈ વ્યાપારની સુવિધા:

- ગુજરાત દેશના **ઔદ્યોગિક ઉત્પાદનમાં 20 ટકાનો ફાળો** ધરાવે છે
- આ ઔદ્યોગિક વિકાસ ફળીભૂત કરવા માટે રાજ્ય સરકારની બંદર નીતિનો મોટો ફાળો છે. જેના થકી, રાજ્યના દરિયાકાંઠે થતા માલ ટ્રાન્સપોર્ટમાં **164 મિલિયન મેટ્રીક ટન એટલે કે 39 ટકા કેપ્ટીવ કાર્ગો છે.**
- દેશની **કુદરતી ગેસની જરૂરીયાતના 50 ટકાની LNG અને LPG ની સપ્લાય** ગુજરાતના બંદરો પર થતાં ઈમ્પોર્ટ દ્વારા થાય છે.
- દેશની **પેટ્રોલીયમ પેદાશની જરૂરીયાતોના 45 ટકા સપ્લાય** ગુજરાતના બંદરો મારફત થાય છે
- દેશના **કુલ કન્ટેનર હેન્ડલિંગના 39 ટકા હેન્ડલિંગ ગુજરાતના બંદરો મારફત** થાય છે

## વર્તમાન પ્રયાસો તેમજ ભવિષ્યના આયોજનો:

- ગીર સોમનાથ જિલ્લાના છારા ખાતે **રૂ. 4293 કરોડનાં** ખાનગી મૂડીરોકાણથી એલ.એન.જી. ટર્મિનલ આ વર્ષમાં કાર્યાન્વિત થનાર છે.
- તેમજ ભાવનગર બંદરના ઉત્તર ભાગમાં બ્રાઉનફિલ્ડ બંદર (CNG ટર્મિનલ અને અન્ય ટર્મિનલો) વિકસાવવા માટે અંદાજીત **રૂ. 4024 કરોડનાં** રોકાણના આયોજન માટે કન્સેશન એગ્રીમેન્ટને મંજૂર કરવામાં આવેલ છે.
- **દહેજ ખાતે** બંદરની સુવિધાઓનાં વિસ્તૃતિકરણ નાં ભાગરૂપે પેટ્રોનેટ એલ.એન.જી. દ્વારા **રૂ. 1700 કરોડનાં ખાનગી મૂડીરોકાણથી ત્રીજી જેટીના વિકાસ માટેની દરખાસ્તને સૈધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે**.
- દહેજ ખાતે આવેલ ગુજરાત કેમિકલ પોર્ટ લીમીટેડ (GCPL) દ્વારા અંદાજીત **રૂ. 3322 કરોડના ખર્ચે બીજી જેટી** વિકસાવવા માટેનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.
- હજીરા ખાતે ફેઝ–૨ અને આઉટર હાર્બરના વિકાસ માટે અંદાજીત **રૂ. 5900 કરોડના** બાંધકામને મંજૂરી આપવામાં આવેલ છે.

## મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિઓને વેગ:

- રાજ્યમાં **2.18 લાખ સક્રીય માછીમારો દ્વારા 36593 મત્સ્યબોટો** કાર્યરત છે. હાલમાં રાજ્યમાં **8.97 લાખ મેટ્રીક ટન મત્સ્ય ઉત્પાદન થાય છે** જે પૈકી **2.84 લાખ મેટ્રીક ટન એક્સપોર્ટ** થાય છે, જેના થકી **રૂ.5865 કરોડનું વિદેશી હુંડીયામણ** મળે છે.
- રાજ્ય સરકાર દ્વારા દરીયાકાંઠે નાના માછીમારોને સુવિધાઓ મળી રહે તે હેતુસર માઢવાડ, સુત્રાપાડા, વેરાવળ અને નવાબંદર ખાતે લગભગ **રૂ.970 કરોડના ખર્ચે મત્સ્યબંદરો વિકસાવવામાં આવી રહેલ છે**.

## કોસ્ટગાર્ડ જેટીઓ મારફતે રાષ્ટ્રીય સુરક્ષામાં યોગદાન:

- પોરબંદર, ઓખા, અને મુન્દ્રા ખાતે કોસ્ટગાર્ડ જેટીઓના બાંધકામો **રૂ.431 કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે**. જે પૈકી પોરબંદર ખાતે જેટીનું કામ શરૂ કરેલ છે. જ્યારે ઓખા અને મુન્દ્રાના કામો માટે એજન્સી નકકી કરવામાં આવેલ છે.
- આમ, રાજ્યમાં બંદરોના વિકાસની સાથોસાથ દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પણ રાજ્ય સરકાર કટીબદ્ધ છે.

## સીરામીક જેવા ઉદ્યોગને સપોર્ટ તેમજ કોસ્ટલ અને આંતરરાષ્ટીય કાર્ગો માટે તૈયારી:

- મોરબીના સીરામીક ઉદ્યોગમાં આશરે **12 લાખ કન્ટેનર** જેટલા ઉત્પાદન સામે **4 લાખ કન્ટેનર્સ એક્સપોર્ટ** કરવામાં આવે છે.
- આ કન્ટેનરો રોડ માર્ગે મુન્દ્રા અને કંડલા બંદરે મોકલવાની જગ્યાએ મોરબી જીલ્લાના નવલખી બંદરેથી એક્સપોર્ટ થાય તો ટ્રાન્સપોર્ટ માટેનું અંતર આશરે 150 કિ.મી. ઘટે તેમજ ટ્રાન્સપોર્ટ ખર્ચમાં બચત થાય અને પર્યાવરણને ફાયદો થાય તે હેતુથી **નવલખી બંદરને 206 કરોડના ખર્ચે અપગ્રેડ કરવામાં આવી રહેલ છે**.
- નવલખી ખાતે નવી જેટીનું બાંધકામ અને આનુષાંગિક સુવિધાઓના વિકાસથી બંદરની **કાર્ગો ટ્રાન્સપોર્ટની હયાત 8 મિલિયન મેટ્રીક ટનની ક્ષમતા 20 મીલીયન મેટ્રીક ટન થશે**.

## પોર્ટ ઈકો સિસ્ટીમ

- ગુજરાતમાં પોર્ટ ઈકો સિસ્ટમ ડેવેલોપમેન્ટ માટે જરૂરી પરિબળો ઉપલબ્ધ છે. જેવા કે,
    - **Stable government**
    - **Vibrant policies**
    - **Investment friendly state**
    - **Rail, road and pipeline connectivity**
    - **Logistics parks**
    - **Manufacturing hub**
    - **Sustainable Infrastructure**
    - **Quality of living**
    - **Better education**
    - **Safe state**

## પોર્ટ સિટી

- **ગીફ્ટ સીટી, સુરતની ડ્રીમ સીટી અને ધોલેરા સ્માર્ટ સીટી જેવી કન્સેપ્ટ સીટી ઈકો સીસ્ટમની જેમ જ બંદર–ઔધોગીકરણ–શહેરી વિકાસની સંયુક્ત પરિકલ્પના હેઠળ રાજ્યના દરિયાકાંઠે ગ્રીનફીલ્ડ પોર્ટ સિટી વિકસાવવા આયોજન છે.**
- **પોર્ટ સિટીમાં વૈશ્વીક કક્ષાનું, 250 થી 500 મીલીયન મેટ્રીક ટન કાર્ગો ટ્રાન્સપોર્ટની ક્ષમતાનું મલ્ટીકાર્ગો પોર્ટ વિકસાવવામાં આવશે.**
- સાથે શહેર–ઉદ્યોગ માટે 200 થી 500 ચો.કી.મી. ના જમીન અને માળખાકીય સુવિધાઓના સંકલીત વિકાસનું આયોજન કરવામાં આવશે.

## ગ્રીનફિલ્ડ બંદરોના વિકાસ માટે નવા સ્થળોની પસંદગી

- **વર્ષ 2047 સુધીમાં રાજ્યના બંદરોની ક્ષમતા વધારીને 2000 મીલીયન મેટ્રિક ટન પ્રતિ વર્ષ કરવાનું વિઝન છે.**
- **આ લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવાના ભાગરૂપે રાજ્યના દરિયાકાંઠા પર નવા 10 સ્થળોએ ગ્રીનફિલ્ડ બંદરો વિકસાવવા સ્થળની પસંદગીની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.**

## બંદરોને રોડ અને રેલ જોડાણો તેમજ આનુષંગિક આંતર્માળખાકીય સુવિધાઓ :

- **PM ગતિ શક્તિ માસ્ટર પ્લાન અંતર્ગત ઈંટીગ્રેટેડ પાર્ટ તરીકે ગુજરાતના બંદરોને મલ્ટી મોડેલ કનેક્ટીવીટી પુરી પાડવા વિવિધ પ્રોજેક્ટસ હાથ ધરવામાં આવી રહેલ છે.**
- છેલ્લા બે દાયકામાં દહેજ, પીપાવાવ, બેડી અને મુન્દ્રા બંદરને જોડતી **આશરે 400 કિ.મી રેલ લાઈન સ્થાપવામાં આવેલ છે.**
- પીપાવાવ બંદર માટે દેશની પ્રથમ ડબલ સ્ટેક માલ ટ્રાન્સપોર્ટ રેલ્વે લાઈન સ્થાપેલ છે.
- રેલ માર્ગે માલ સામાન ટ્રાન્સપોર્ટ માટે ભારત સરકાર દ્વારા **દિલ્હી અને મુંબઈ વચ્ચે નિર્માણાધીન ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (DFC) ની 38% એટલે કે 538 કીલોમીટરની રેલવે લાઈન રાજ્યમાંથી પસાર થઈ રહેલ છે**.
- નવલખી ખાતે વધતાં ટ્રાફીકની માંગને પહોંચી વળવા નવલખી બંદરના 23 કિ.મી.ના એપ્રોચ રોડને ફોર–લેન નેશનલ હાઈવે તરીકે વિકસાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.
- અલંગને ત્રાપજ મુકામે નેશનલ હાઈવે 84–ઈ થી જોડતો 9 કિ.મી. નો બે માર્ગીય રોડ ઉપલબ્ધ છે, જેને નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા આશરે રૂા. 70 કરોડના ખર્ચે ચાર માર્ગીય બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

## શીપ રીસાયકલીંગ

- શીપ રીસાયકલીંગથી ઉપલબ્ધ થતાં 2 મીલીયન ટન સ્ટીલ સામાન્ય સ્ટીલ પ્લાંટની તુલનામાં કાર્બન ફૂટ પ્રીન્ટમાં આશરે 90% ના ઘટાડા સાથે આશરે રૂ. 900 કરોડની બચત કરે છે.
- વર્ષ 1982–83 થી **હાલ સુધી 8712 જહાજનું રીસાયકલીંગ કરી 69.10 મીલીયન મેટ્રીક ટન સ્ટીલના ઉત્પાદન** થકી અંદાજે **450 મીલીયન ટન જેટલો કાર્બન ફૂટ પ્રીન્ટમાં ઘટાડો થયેલ** છે.
- **વૈશ્વિક શીપ રીસાયકલીંગમાં ભારતનો હિસ્સો 32% છે. જયારે અલંગ શીપ યાર્ડનો દેશ ના શીપ રીસાયકલીંગમાં 98% હિસ્સો છે.**
- અલંગની **હાલની ક્ષમતા 4.5 મીલીયન મેટ્રીક ટન પ્રતિ વર્ષ**ની છે તેમજ આશરે **15 હજાર ડાયરેક્ટ અને 1.5 લાખ જેટલી ઈન-ડાયરેક્ટ રોજગારીની તકો ઉપલબ્ધ કરે છે**.
- અલંગ શીપ **રીસાયકલીંગનો 99.95% જેટલો ભાગ 60થી વધુ રી–રોલીંગ મીલ, 80થી વધુ ઈન્ડકશન ફર્નેશ, તેમજ 200 જેટલી દુકાનો મારફત પુનઃ ઉપયોગ** કરવામાં આવે છે.
- જયારે **0.05% જેટલા કચરાનો નિકાલ પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ગાઈડલાઈન મુજબ કરવામાં આવે છે**.

- અલંગ ખાતે સલામત અને સુરક્ષિત તેમજ પર્યાવરણને અનુકૂળ ગ્રીન શીપ રીસાયકલીંગ માટે ટ્રીટમેંટ – સ્ટોરેજ – ડીસ્પોઝલ ફેસીલીટી, મલ્ટી-સ્પેશીયાલીટી હોસ્પીટલ, સેફ્ટી અને ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ, લેબર હાઉસીંગ કોલોની, ફાયર સિસ્ટમ, 108 એમ્બ્યુલન્સ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી **હોંગકોંગ કંવેન્શન, 2009ને અનુરૂપ શીપ રીસાયકલીંગ કરવામાં આવે છે**.
- વર્ષ 2028–2030 સુધીમાં વૈશ્વિક શીપ રીસાયકલીંગ આશરે બમણું અને 2033 સુધીમાં લગભગ ચાર ગણું થવાની સંભાવના છે.
- **ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા અલંગ સોસિયા શીપ રીસાયકલીંગ યાર્ડની ક્ષમતા બમણી કરવા માટે માસ્ટર પ્લાનિંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.**

## કન્ટેનર મેન્યુફેક્ચરિંગ ફેસીલીટી

- માનનીય વડાપ્રધાનશ્રીના દેશને સતત વિકાસના પંથે આગળ ધપાવવાના વિઝન માટે તેમજ **આત્મનિર્ભર ભારત, મેક ઈન ઈન્ડિયા અને વોકલ ફોર લોકલના સુત્રને ચરિતાર્થ કરતી ભાવનગરની કંટેનર મેન્યુફેક્ચરીંગ ફેસીલીટી**, દેશ નહિ દુનિયાના કન્ટેનરની માંગને પુરી કરે છે.

## બંદરો ખાતે અને દરિયા કિનારે આપત્તિ વ્યવસ્થાપન:

- બંદરોને કુદરતી તથા માનવ સર્જીત આપત્તિઓ સામે સુસજ્જ બનાવવા ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (NDMA) ની માર્ગદર્શિકા 2019 મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે.
- ગુજરાત મેરીટાઇમ બોર્ડ આપત્તિ સમયે વિવિધ એજન્સીઓ જેવી કે, ભારતીય તટ રક્ષક, મરીન પોલીસ, સ્થાનિક એડમિનિસ્ટ્રેશન વગેરે સાથે સંકલન સાધી કામગીરીઓ કરે છે.

## ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી:

- ગુજરાત સરકાર દ્વારા ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટીની સ્થાપના 2019માં કરવામાં આવેલ.
- **જેમાં વિવિધ અભ્યાસક્રમો જેવા કે, એલ.એલ.એમ. ઈન મેરીટાઈમ લૉ/ ઈન્ટરનેશનલ ટ્રેડ લૉ, એમ.બી.એ. ઈન શીપીંગ એન્ડ લોજીસ્ટીક્સ, એક્ઝિક્યુટીવ ડિપ્લોમા ઉપરાંત, વિવિધ પી.એચ.ડી પ્રોગ્રામ્સનો સમાવેશ થાય છે.**
- **મેરીટાઈમ યુનિવર્સિટી દ્વારા નેધરલેન્ડ સ્થિત વિશ્વ વિખ્યાત ઈરાસ્મસ યુનિવર્સિટી, STC ઈન્ટરનેશનલ તેમજ કોપનહેગન બિઝનેશ સ્કુલ, ડેનમાર્ક સાથે MoU કરવામાં આવેલ છે.**

## ગુજરાત ઈન્ટરનેશનલ મેરીટાઈમ આર્બિટ્રેશન સેન્ટર (GIMAC)

- ગુજરાત ઈન્ટરનેશનલ મેરીટાઈમ આર્બિટ્રેશન સેન્ટર (GIMAC) (વૈકલ્પિક વિવાદ નિવારણ કેન્દ્ર) ની સ્થાપના ગિફ્ટસીટી ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે.
- જે ભારતમાં સ્થાપિત 35 આર્બિટ્રેશન સેન્ટર પૈકી દરિયાઇ વેપાર ક્ષેત્ર માટેનું સૌપ્રથમ સમર્પિત વૈકલ્પિક દરિયાઇ વિવાદ નિવારણ સેન્ટર છે.

## ગુજરાત મેરીટાઇમ ક્લસ્ટર (GMC):

- **ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ગિફ્ટ સીટી ખાતે ગુજરાત મેરીટાઈમ ક્લસ્ટરનો રોડમેપ તૈયાર કરવામાં આવેલ છે.**
- જેના થકી ગુજરાતમાં મેરીટાઈમ ઉદ્યોગના વિકાસમાં વિશિષ્ટ માળખાકીય સુવિધાનું નિર્માણ કરી શકાય સાથે કોમર્શિયલ સોફ્ટ સર્વિસીઝ પણ પ્રદાન કરી શકાય.

**રો–પેક્સ ફેરી સર્વિસ:**

- રાજ્યમાં ઘોઘા હજીરા ફેરી સર્વીસ ચાલુ કરવામાં આવેલ છે. **રોડ માર્ગે ઘોઘા-હજીરા વચ્ચેની મુસાફરી માટે આશરે 12 કલાક જેટલો સમય લાગે છે. જ્યારે ફેરી સર્વિસ દ્વારા 5 કલાકમાં મુસાફરી શક્ય બનેલ છે.** આથી મુસાફરીનો સમયગાળો 7 કલાક જેટલો ઘટાડો શક્ય બનેલ છે.
- **જાન્યુઆરી-2024 સુધીમાં લગભગ 7.76 લાખ મુસાફરો અને 2.63 લાખ વાહનોએ મુસાફરી કરેલ છે.**
- રો-રો ટ્રાન્સપોર્ટથી રોડ ટ્રાન્સપોર્ટની તુલનામાં **આશરે 65% જેટલો કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો** થયેલ.
- મૂળ દ્વારકા ખાતે ટર્મીનલનું બાંધકામ પ્રગતીમાં છે અને રાજ્યમાં અન્ય સ્થળોએ ટર્મીનલ વિકસાવવા તથા હયાત ટર્મીનલના અસરકારક ઉપયોગ માટે અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.

## ગુજરાત મેરીટાઇમ બોર્ડ વિઝન 2047:

- ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ **મેરિટાઇમ અમૃતકાળ વિઝન 2047 ના ધ્યેયોને આગળ ધપાવવા**, તેની હાર્મનીમાં **"એમ્બ્રસિન્ગ અમૃતકાળ" ના નામે ગુજરાતનું મેરિટાઇમ વિઝન 2047નું અનાવરણ વાયબ્રન્ટ ગુજરાત સમિટ 2024** દરમિયાન કરવામાં આવેલું.
- ગુજરાતનું મેરિટાઇમ વિઝન 2047, વૈશ્વિક આર્થિક પરિવર્તનોના પરીપેક્ષમાં ગુજરાતના દરીયાકાંઠાના વિકાસની સંભાવનાઓને વ્યાખ્યાચીત કરે છે.
- **આ દૂરંદેશી યોજનાથી વિકસિત ભારત – 2047 અને વિકસિત ગુજરાત – 2047 ની સંકલ્પના પરિપૂર્ણ થશે.**

## બજેટને સમર્થન આપવા માટે ગૃહને અપીલ :

- આમ, રાજ્ય સરકારે બંદરીય વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરેલ છે અને વિકાસના શીખરો સર કરેલ છે.
- દેશ જ્યારે અમૃતકાળના વર્ષોમાં પ્રવેશી રહ્યો છે ત્યારે રાજ્ય આગામી વર્ષોમાં પણ વિવિધ આયામી બંદરીય વિકાસ માટે કટીબદ્ધતા સાથે આયોજનો હાથ ધરેલ છે.
- લાખો લોકોને રોજગારી પૂરી પાડતાં અને રાજ્યના આર્થિક અને વાણિજ્યક ક્ષેત્રને ખૂબ મોટો સપોર્ટ પુરૂ પાડતાં બંદર ક્ષેત્ર માટે ગૃહમાં રજુ થયેલ **તમામ કાપ દરખસ્તો પરત ખેંચવા તેમજ આ ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ માંગણી ક્રમાંક – 75ને સર્વાનુમતે મંજૂર કરવામાં આવે તેની નમ્ર વિનંતી છે.**

અંતમાં, શ્રદ્ધૈય ભારત રત્ન અટલજીની પંક્તિનું સ્મરણ કરવા ઈચ્છુ છું.

**कर्तव्य के पुनीत पथ को, हमने स्वेद से सींचा है,**

**कभी-कभी अपने अश्रु और - प्राणों का अर्ध्य भी दिया है।**

**किंतु, अपनी ध्येय - यात्रा में - हम कभी रुके नहीं हैं।**

**किसी चुनौती के सम्मुख कभी झुके नहीं हैं।**